તંત્રીની કલમે

જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલા કરનાર આતંકીઓની હવે ખેર નથી

જમ્મુ-કાશ્મીરમાં થોડા સમયનાં અંતરાલ પછી ફરી આતંકીઓ માથું ઊંચકી રહ્યા છે. ભારતમાં ઘૂસણખોરી કરીને આતંકી હુમલાઓ કરી રહ્યા છે. જો કે તેમનાં આ હુમલાઓમાં મોટી ખુવારી કરવાની કે ખાનાખરાબી કરવાની તેમને તક મળતી નથી. નાના છમકલાં કરીને થોડા સમય માટે લોકોમાં આતંકનો ખોફ જગાવવાના પ્રયાસોમાં તેમને નિષ્ફળતાનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય આર્મીનાં મિશન ઓપરેશન ઓલઆઉટને સફળતા મળી રહી છે. આર્મી તેમજ પોલીસનાં જવાનો હુમલા કરનાર આતંકીઓનો સફાયો બોલાવી રહ્યા છે. વીણી વીણીને તેમને મોતને ઘાટ ઉતારવામાં આવી રહ્યા છે. આતંકી હુમલા કરીને જન્નતની હૂરને પામવાનાં સપના જોનાર આતંકીઓને સ્વધામ પહોંચાડવામાં આવી રહ્યા છે. એક સમય એવો હતો જ્યારે આતંકીઓ હુમલા કરીને નાસી જતા હતા અને બચી જવામાં સફળ રહેતા હતા. હવે તેમને ભારતીય આર્મીનાં આક્રમક જડબાતોડ જવાબનો સામનો કરવો પડી રહ્યો છે. પુલવામા હુમલા પછી આતંકીઓને જીવતા રહેવાની કોઈ તક અપાતી નથી. BSF તેમજ CRPF અને જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા સરહદો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આતંકીઓ કોઈ ઘટનાને અંજામ આપે તે પહેલાં જ તેમને ઘેરીને તેમનો ખાતમો બોલાવાઈ રહ્યો છે. તાજેતરમાં કાશ્મીરનાં શોપિયાંમાં મનિહાલ ગામમાં ગુપ્ત બાતમીને આધારે ચાર આતંકીઓને ચારે બાજુથી ઘેરીને તેમનો સફાયો કરાયો હતો. છેલ્લા કેટલાક સમયથી કાશ્મીરમાં પ્રવાહ પલટાઈ ગયો છે. પહેલાં પબ્લિક અને પોલીસમાં આતંકીનો ખોફ જોવા મળતો હતો. હવે આતંકીઓ પર મોતનાં ઓળા મંડરાઈ રહ્યા છે અને તેઓ ખોફમાં જીવી રહ્યા છે. કોઈ આતંકી તેમનાં સંગઠનનો કમાન્ડર થવા તૈયાર થતો નથી. જે સુકાન સંભાળે છે તેનો થોડા દિવસોમાં જ ખાતમો બોલાવી દેવાય છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ રદ કરવામાં આવ્યા પછી અલગતાવાદીઓ દ્વારા આતંકીઓનો સહારો લઈને લોકોને ભારત વિરુદ્ધ ભડકાવવા તેમજ રાજ્યમાં હિંસા અને તોફાન મચાવવાના પ્રયાસો કરાયા હતા. પણ જ્યારથી NIA તેમજ અન્ય ગુપ્તચર સંસ્થાઓએ ટેરર ફંડિંગ મેળવતા ભાગલાવાદીઓને વિદેશમાંથી મળતું ફંડ બંધ કરાવી દીધું છે ત્યારથી તેમની માઠી દશા બેઠી છે. સુરક્ષાદળો દ્વારા ભાગલાવાદીઓ અને આતંકીઓની સાઠગાંઠને તોડવામાં આવી છે. લોકોમાં હિંસા ભડકાવવાના તેમનાં મનસૂબા હવે પાર પડતા નથી. તમામ આતંકી સંગઠનોની નાપાક હરકતો નિષ્ફળ જઈ રહી છે. જમ્મુ-કાશ્મીરમાં અમનચેન અને શાંતિ તેમજ સ્થિરતાનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે. કાશ્મીરીઓ હવે ભારત સરકાર અને ભારતીય સેનાથી તેમને વધુ સુરક્ષિત ગણી રહ્યા છે. જો કે શાંતિ અને અમનચેન ભાગલાવાદીઓ તેમજ આતંકીઓને સ્વીકાર્ય નથી તેથી તેઓ ગમે તે ભોગે રાજ્યમાં અસ્થિરતા સર્જવા ધમપછાડા કરી રહ્યા છે. વિશ્વ સમુદાય હવે પાકિસ્તાનનાં આતંકી કરતૂતોને જાણી ગયું છે. લશ્કર-એ-તોયબા તેમજ જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકી સંગઠનોની કમર તૂટી ગઈ છે. નવા આતંકીઓની ભરતી કરીને તેઓ ભારતમાં વિનાશ વેરવા માગે છે પણ તેમને નિષ્ફળતા મળતા આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનને નીચું જોવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા થોડા સમય પહેલાં થયેલા આતંકી હુમલામાં આતંકીઓ દ્વારા બુલેટપ્રૂફ જેકેટને છેદીને વ્યક્તિને મારી શકાય તેવી બુલેટ આતંકીઓ પાસેથી મળી છે. આવી ગોળીઓ ચીનની બનાવટની હોવાનું જણાયું છે. આથી ચીનને પણ કાશ્મીરમાં અશાંતિ અને અસ્થિરતા સર્જવામાં રસ છે તેવું ખુલ્લેઆમ દેખાઈ રહ્યું છે. ચીને આર્થિક સહાય આપીને પાકિસ્તાનને તેનું ગુલામ બનાવી દીધું છે. આમ જમ્મુ-કાશ્મીરમાં પાક. અને ચીન દ્વારા ભારતીય સુરક્ષા દળો માટે નવા પડકારો સર્જાઈ રહ્યા છે. જો કે ગમે તે સ્થિતિને પહોંચી વળવા અને પથ્થરનો જવાબ ઈંટથી આપવા ભારતનાં સુરક્ષાદળો સજ્જ છે આથી આતંકીઓએ સાનમાં સમજી જવાની જરૂર છે અન્યથા તેમનો સફાયો નક્કી છે.

કિડનીમાં દૈનિક ૫૩ ગેલન રકતનું ફિલ્ટેશન, ૧૫૫ દર્દી ડાયાલિસીસ ઉપર જીવે છે

મહેસાણામાં રોજ ૩૬ દર્દીનું ડાયાલિસીસ કરાય છે

કિડની માસ દુનિયાભરમાં માર્ચ મહિનો આરોગ્ય દિનો અને હેલ્થ ટ્રીટમેન્ટ માટે જાણીતો છે

। મહેસાણા । (સં.ન્યૂ.સ.)

રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક કક્ષાએ માર્ચ મહિનામાં અવાર નવાર આરોગ્ય રક્ષક દિવસોની ઉજવણી થતી રહે છે. આ મહિનામાં મૂક બધિર દિવસ, નો સ્મોકીંગ ડે, રાષ્ટ્રીય વેક્સિનેશન દિવસ, ડાઉન સિન્ડ્રોમ ડે, ઓરલ દિન વિગેરે ઉજવાતા રહ્યા છે. તાજેતરમાં જ રાષ્ટ્રીય ક્ષય દિનની ઉજવણી કરવામાં આવી. આ ઉપરાંત, માર્ચ મહિનાની હિમોફિલીયા માસ તરીકે ઉજવણી કરવા ઉપરાંત કિડની માસ તરીકેની ઉજવણી ચાલુ છે. શિયાળા બાદ આવતા માર્ચ મહિનામાં આરોગ્ય રક્ષણ માટે જાગૃતિ અભિયાનો ચલાવવા પાછળ

પણ પર્યાવરણ અને વૈદિક સંસ્કૃતિ જવાબદાર છે.

તાજેતરમાં જ કિડની મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રતિદિન ૫૩ લીટર ગેલન લોહી ફિલ્ટર કરનાર કિડનીના કારણે રકતકણોની રક્ષા થાય છે અને બ્લડ પ્રેસર પણ કન્ટ્રોલમાં રહે છે. યુરિનરી સિસ્ટમને કાબૂમાં રાખનાર કિડનીઓની જાળવણી સંદર્ભે જાગૃતિ અભિયાનો ચલાવવામાં આવી રહ્યાં છે. ોતમે એ હકીકત જાણીને ચોંકી ઉઠશો કે વિશ્વમાં એક જ દિવસમાં ૯૫ હજાર કિડનીઓનું ટ્રાન્સપ્લાન્ટ થાય છે. મહેસાણામાં હાલમાં ૧૫૦ કરતાં વધુ દર્દીઓ ડાયાલિસીસ કરાવી રહ્યાં છે.

મહેસાણા શહેરમાં પણ કિડનીના સંખ્યાબંધ દર્દીઓ છે. એક અંદાજ અનુસાર દૈનિક ત્રણ ડઝનથી વધુ દર્દીઓ આ હોસ્પિટલોમાં ડાયાલિસીસ ઉપર જીવન ટકાવી રહ્યાં છે. મહેસાણા સ્થિત સિવિલ હોસ્પિટલમાં પણ ડાયાલિસીસ સેન્ટર ઉભું કરવામાં આવ્યું છે અને ડૉ. મુકેશભાઈ ચૌધરીની હોસ્પિટલમાં ૧૦૦ કરતાં પણ વધુ દર્દીઓને તબક્કાવાર ડાયાલિસીસ કરવામાં આવે છે. તેમના જણાવ્યા અનુસાર બ્લડપ્રેસર અને સુગરને કંટ્રોલમાં રાખવામાં આવે તો જ કીડની સલામત રહી શકે છે. આ ઉપરાંત કિડની સ્પેશિયાલીસ્ટ તબીબોને ત્યાં કિડનીનાં દર્દીઓને સઘન સારવાર પણ અપાય છે. જેમ માણસનું હૃદય પમ્પીંગ દ્વારા લોહીને ધબકતું રાખે છે તેમ બે કિડનીઓ પણ લોહીના ફિલ્ટ્રેશનનું મહત્વનું અંગ છે. કિડનીની કામગીરીમાં ખામી ઉત્પન્ન થાય તો તેની સીધી અસર યુરિનરી સિસ્ટમ ઉપર થાય છે.

રંગપુરડા નજીક પસાર થતી નર્મદા કેનાલમાં યુવતીની લાશ મળી

। કડી । (સં.ન્યૂ.સ)

કડીના થોળ રોડ રંગપુરડા નજીક નર્મદા મુખ્ય કેનાલમાંથી એક યુવતીની લાશ મળી આવતા ચકચાર ફેલાઈ જવા પામી હતી. બુધવારે સવારે ફોગાયેલી હાલતમાં લાશ તરતી જોઈ સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.નર્મદા કેનાલામાં લાશ મળી હોવાના સમાચાર વાયુવેગે પંથકમાં ફેલાતા લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. કડીના થોળ રોડ પર આવેલ રંગપુરડા ગામ નજીક પસાર થતી નર્મદા કેનાલમાં બુધવારે સવારે એક યુવતી લાશ મળી આવી હતી.નર્મદાની મુખ્ય કેનાલમાં નજીકથી પસાર થઈ રહેલા સ્થાનિકે લાશને તરતી જોતા કડી પોલીસને જાણ કરી હતી.

ખેરાલુના રામપુરાનાં ખેતરમાં ઘઉંનો તૈયાર પાક બળીને ખાખ

। ખેરાલુ । (પ્રતિનિધિ)

ખેરાલુ તાલુકા રામપુરા ગામમાં એક ગરીબ ખેડૂતનો ઘઉંનો તૈયાર પાક બળીને ખાક થઈ જતાં ખેડૂત પરીવારને પડતા ઉપર પાટુ મારવા જેવા હાલ થયા છે. ખેડૂતના મોઢામાં આવેલો કોળીયો છીનવાઈ જતાં બેહાલ થવા પામ્યા છે. ખેરાલુ તાલુકા રામપુરા ગામમાં રોડ ઉપર જ આવેલા એક ગરીબ ખેડૂત કૌશીકભાઈ નરોત્તમભાઈ રાવલના દોઢ વિઘા ખેતરમાં ઘઉંનું વાવેતર કર્યું હતું. ઘઉંનો પાક તૈયાર થઈ જતાં ખેડૂત દ્વારા ઘઉંને વાઢવાની કામગીરી હાથ ધરી હતી.

વાઢેલા ઘઉં ખેતરમાં પડ્યા હતા તે સમયે ગુરૂવારના બપોરના સમયે ખેતર માંથી પસાર થતી વિજ લાઈન ઉપર પક્ષી બેસતા બે વાયર ભેગા થતા તણખા ઝરતાં ઘઉંમાં આગ ભભુકી ઉઠી હતી. ખેતર રોડને અડીને ગામ પાસે હોવાથી લોકો દોડી આવીને હાથમાં જે આવ્યું તે લઈને પાણીનો મારો ચલાવીને

આગને બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો.પરતુ જોતજોતામાં તૈયાર ઘઉંનો પાક બળીને ખાક થઈ ગયો હોવાનું ગામના એક જાગ્રત સામાજીક કાર્યકર જયેશ રાવલે જણાવ્યું હતું. કાપેલા ઘઉં માં અચાનક આગ ભભુકી ઉઠતા થોડી વાર માટે લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. લોકોએ તાત્કાલિક ખેરાલુ પાલિકાના ફાયર ફાયટરને જાણ કરી હતી.

ફાયર ફાયટર ઘઉં બળીને ખાક થઈ ગયા બાદ બે કલાક બાદ ઘટના સ્થળે પહોંચ્યું હોવાનું ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું. ઘઉંના પાકમાં આગ લાગતાં જ ગામમાંથી કેટલાક લોકો દ્વારા જી.એ.બીના જવાબદાર અધિકારીને તેમજ તાલુકાના જવાબદાર તંત્રને જાણ કરાઈ હતી.

શાળાના ટ્રસ્ટી, ઉદ્યોગપતિ જંત્રાલની દિવ્યાંગ ક્રિકેટર જોયલની મદદ કરશે

। વિજાપુર । (સં.ન્યૂ.સ.)

આગામી મે મહિનામાં પ્રથમ ઇન્ટરનેશનલ ક્રિકેટ રમવા જનારી વિજાપુર તાલુકાના જંત્રાલ ગામની દિવ્યાંગ ક્રિકેટર જોયલને ક્રિકેટની જરૂરી કીટ માટે વહીવટીતંત્ર ધક્કા ખવડાવ્યા બાદ નિરાશ થયેલી આ દીકરીની વ્યથા રજુ કરતા અહેવાલ બાદ વિજાપુરનું ગૌરવ સમાન આ દીકરીને મદદ કરવા તેની શાળાના જ ટ્રસ્ટીઓ અને વિજાપુરના ઉદ્યોગપતિ આગળ આવ્યા છે. વિજાપુર તાલુકાના જંત્રાલ ગામની દીકરી અને દિવ્યાંગ ક્રિકેટરની કેટલાક સમય પહેલા આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં પસંદગી થઈ હતી. જેને પગલે આગામી મે મહિનામાં આ દીકરી પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમવા જઈ રહી છે બીજી તરફ ક્રિકેટ મેચ રમવા માટેની જરૂરી કીટ માટે વહીવટી તંત્ર દ્વારા ધક્કા ખવડાવ્યા બાદ નિરાશ થયેલી જોયલની વ્યથા રજુ કરતો અહેવાલ પ્રસિદ્ધ થતા તેનો સમગ્ર વિજાપુર તાલુકામાં પડઘો પડયો હતો અને પોતાના તાલુકાના ગૌરવ સમાન આ દીકરી ની મદદ કરવા માટે લોકોએ લાઈન લગાવી હતી. અહેવાલની જે શાળામાં જોયેલ ભણતી હતી તે સરદારપુર હાઈસ્કૂલના ટ્રસ્ટીઓએ ગંભીર નોંધ લઈને તેના પિતા સાથે વાત કરી જરૂરી કીટની વ્યવસ્થા કરી આપવાનું કહ્યું હતું. બીજી તરફ મૂળ ફલુ ગામના વિજાપુરના ઉદ્યોગપતિ અને અમદાવાદ ખાતે રહીને પોતાના તાલુકામાં પિતા ડોક્ટર ડાહ્યાભાઈ પટેલના નામે ટ્રસ્ટ ચલાવતા સુરેશભાઈ પટેલે સોશિયલ મીડિયામાં વિજાપુરના એક ગ્રુપમાં સંદેશનો અહેવાલ વાંચતાની સાથે દીકરીના પિતા રાકેશભાઈ પટેલનો સંપર્ક કરી કીટ સહિતની જરૂરી તમામ વ્યવસ્થાઓ પૂરી પાડવા માટે તૈયારી બતાવી હતી. આમ નાનકડા ગામમાંથી આવતી અને આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં સ્થાન પામનારી દીકરીને હવે જરૂરી મદદ મળી રહેશે.

સંક્ષિપ્ત સમાચાર

ખેરાલુ ખાતે રાષ્ટ્રીય ક્ષય દિવસની ઉજવણી કરાઈ

ખેરાલુ । ખેરાલુ સી.એચ.સી કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સરકાર દ્વારા ૨૦૨૨ સુધી અને કેન્દ્ર

સરકાર દ્વારા ૨૦૨૫ સુધીમાં સમગ્ર દેશને ક્ષય મુક્ત (ટીબી) મુક્ત કરવાના પ્રયાસો કરાય રહ્યા છે. ત્યારે ખેરાલુ શહેરમાં આવેલા સરકારી દવાખાનામાં ખેરાલુ તાલુકા વિકાસ અધિકારી એ.કે.પંડયા, તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર ડોક્ટર હરેશ પટેલ તથા ખેરાલુ આરોગ્યનો સ્ટાફ સાથે ખેરાલુ ટી.બી.વિભાગના સુપરવાઈઝર યોગેશભાઇ શ્રીમાળી તથા સતલાસણા ટી.બી. વિભાગના સુપરવાઈઝર ભાવેશ કાપડીયા દ્વારા જિલ્લા ક્ષય કેન્દ્ર અંતર્ગત ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ભરતસિંહ સોલંકીની ગોળતુલા કાર્યક્રમ યોજાયો

ઊંઝા । તાલુકાના વિશોળ ગામે જઈ રહેલ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીનું ઊંઝા હાઈવે પર કોંગ્રેસના આગેવાનો

દ્વારા ફુલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ઊંઝા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ડી.ટી.ઝાલા, શહેર કોંગ્રેસ પ્રમુખ સંજયભાઈ પટેલ બાબા, રમણજી ઠાકોર, દશરથભાઈ બજરંગ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઊંઝા તાલુકાના વિશોળ ગામે ભરતસિંહ સોલંકીનું સન્માન કરી શ્રી ચોસઠ માતાજી સંસ્થાન સામે તેમની ગોળતુલા પણ કરાઈ હતી.

સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિ. માં જળ દિવસ ઊજવાયો

વિસનગર । સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, વિસનગરમાં સિવિલ ઇજનેરી વિભાગ દ્વારા વિશ્વ જળ દિવસ નિમિત્તે વેલ્યુઇગ વોટર વિષય પર સેમીનારનું આયોજન કરાયું હતુ. જેમાં એમ.ડી.પટેલ ચેરમેન વોટર મેનેજમેન્ટ ફોરમ અને ચીફ ઇજનેર અને એડીશનલ સેક્રેટરી સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગુજરાત સરકાર, એન.બી. પટેલ રિટાયર્ડ અધિક્ષક ઇજનેર સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગુજરાત સરકાર, ડી.જે. શાહ ડાયરેક્ટર ટેકનિકલ કોર્સિસ અને પ્રિન્સિપાલ, એસ.કે. કોલેજ ઓફ એન્જીનીયરીંગ, વિજયભાઇ સોલંકી ડેપ્યુટી ડાયરેક્ટર વોટર મેનેજમેન્ટ ફોરમ અમદાવાદ, એ. એમ. પ્રભાકર પ્રિન્સિપાલ ગુજરાત પાવર એન્જીનિયરિંગ અને રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, મેવડ વગેરે નિષ્ણાતોએ વ્યાખ્યાન આપ્યું હતું.

અવસાન નોંધ

- સ્વ.પ્રતાપભાઇ પૃથ્વીરાજ ચૌધરી (ઉ.વ.૭૨), મહેસાણા
- સ્વ.રમોન્દરકૌર પરમજીતસિંહ બોમ્બા (ઉ.વ.૭૬), મહેસાણા

પટેલ (ચૌધરી) કન્યા જોઈએ છે

અરવલ્લી (મોડાસા) વિસ્તારના હાલમાં ગ્રામસેવકની સરકારી નોકરી કરતા અને નજીકના સમયમાં વિસ્તરણ અધિકારી થનાર

આંજણા પાટીદાર યુવક ઉ.વ. 25

ને હાલમાં સરકારી નોકરી કરતી અથવા નજીકના ભવિષ્યમાં સરકારી જોબ મળે તેવી શકયતા હોય તેવી યુવતીની જીવનસાથી તરીકે જરૂર છે

જ્ઞાતિબાધ નથી

રસ ધરાવનારે માહિતી માટે સંપર્ક કરવા વિનંતી

M. 9825743744

WIDE ANGLE MAHESANA

WIDE ANGLE MULTIPLEXની પોતાની એપ્લીકેશનથી ઓનલાઈન ટિકિટ બુકીંગ થાય છે.

ત્રણ વર્ષના બાળકની ટીકીટ ફરજિયાત લેવી

ઓનલાઈન ટિકીટ બુકીંગ માટે www. wideangleindia.co.in

તમામ વ્યક્તિઓએ રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરેલા COVID-19 ના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે.

Godzilla vs Kong	12:30	3:30	6:30
Mumbai Saga	12:45	3:45	–
Roohi	–	–	6:45

Schedule is subject to last minute change/cancelation

જાહેર નોટીસ

કું.એ.એસ.શેખ સાહેબ એડી.ચીફ. જ્યુડી.મેજીસ્ટ્રેટ કોર્ટમાં,મુ.વિસનગર

અરજદારના વિ.વ.શ્રી. ડી.આર.ચૌધરી — ફોજદારી પરચુરણ નંબર ૮૭/૨૦૨૧ મુદ્દત તારીખ ૧૯/૦૪/૨૦૨૧ આંક ૦૪

અરજદાર:-પટેલ પુરીબેન મફતલાલ,ઉ.વ.આ.૮૫, ધંધો.નિવૃત્ત,રહે.સત્યનારાયણ સોસાયટી,ગુરૂકુળ રોડ,વિસનગર,તા.વિસનગર,જી.મહેસાણા

વિરૂધ્ધ સામાવાળા:- (૧)ચીફ ઓફીસર વિસનગર સેવાસદન,વિસનગર, (૨)આચાર્યશ્રી,એન.એમ. નૂતન સર્વ વિદ્યાલય,વિસનગર

બાબત:-જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી,આ જાહેર નોટીસ થી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત કામ ના અરજદાર ની પુત્રી નામે પટેલ સરોજ મફતલાલ નો જન્મ તા.૦૫/૦૬/૧૯૬૯ ના રોજ વિસનગર મુકામે અરજદાર ના ઘરે થયેલ હોઇ આ કામના સામાવાળા નં. ૦૧ ચીફ ઓફીસર સેવાસદન વિસનગર અરજદારની પુત્રી ના જન્મની નોંધ જન્મના રજીસ્ટરે નોંધ કરી જન્મનો દાખલો કઢાવવા સારૂ અત્રેની કોર્ટમાં હાલ ની અરજ દાખલ કરેલ છે જે કોઇ ને તે સામે વાંધો કે તકરાર હોય તેમણે એડી.ચીફ.જ્યુડી.મેજી કોર્ટ,વિસનગર કોર્ટ સમક્ષ સદ્યાળા પુરાવા સાથે જવાબ દેવા સારૂ મુદત તારીખ ૧૯/૦૪/૨૦૨૧ ના રોજ સવાર ના ૧૦.૩૦ કલાકે તમો અગર તમારા માહિતગાર વિ.વ.શ્રી મારફતે અત્રે ની અદાલત માં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો સદર અરજી અંગે આગળ ની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૪ માર્ચ સને ૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (જે.આર.સુતરીયા) આસીસ્ટન્ટ તપાસી જોનાર (એ.એચ.જોષી) સુપ્રિટેન્ડેન્ટ — સિક્કો — હુકમથી (એસ.આઇ.શ્રીવાસ્તવ) રજીસ્ટ્રાર, એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ કોર્ટ, વિસનગર

જાહેર નોટિસ

કલોલના મે. એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.જ સાહેબની કોર્ટ,મુ.કલોલ ક્રિ. પ.અ. નં. : ૧૫૮/૨૦૨૧, મુદત તા.: ૩૦/૦૪/૨૦૨૧

અરજદારના વકીલશ્રી-સમરસિંહ ડી. ચાવડા/ એ. કે. ઓઝા

અરજદાર : ચૌધરી ગીતાબેન જયંતિભાઈ તે ચૌધરી જયંતીભાઈની પત્ની તે ચૌધરી ખુમાભાઈની દિકરી રહે. લીમડીવાસ, મુ. બાપુપુરા, જી. ગાંધીનગર

સામાવાળા : ચીફઓફીસરશ્રી

બાબત:- ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન સને-૧૯૭૪ કલોઝ-૬-૧૨(એ)રેગ્યુલેશન હેઠળ...

ઉપરોક્ત અરજદારના એલ.સી.માં જન્મ તા.૧૦-૦૬-૧૯૭૭ અને પિતાના નામ ભુલથી ખુમજીભાઈ લખાયેલ છે જેથી એલ.સી.માં ખરી જન્મ તા. ૧૮/૧૧/૧૯૭૭ અને પિતાનું નામ ચૌધરી ખુમાભાઈ ધેમરભાઈ તરીકે સુધારા માટે અરજ કરેલી છે. વેડા ગ્રામ પંચાયત કેચરી, મુ. કલોલ, તા. કલોલમાં નોંધાવવાનો હોઈ તથા સરકારી કામકાજ/અન્ય કામમાં ઉપયોગમાં લેવાનો હોઈ એલ.સી.માં સુધારા માટેના દાખલાની જરૂર પડેલ છે.જેથી લાગતા વળગતા ઈસમોને નોટીસ આપી તકીદ કરવામાં આવે છે કે મુ. તા. ૩૦/૦૪/૨૦૨૧ના રોજ સવારે ૧૦/૩૦ વાગ્યે આ અરજી વિરૂધ્ધ કારણ/જવાબ આપવા માટે તમારે જાતે અથવા માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ અરજી સાંભળી તે એકતરફી નિકાલ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

આજતા. ૨૫મી માહે: ૦૩ સને-૨૦૨૧ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

તૈયાર કરનાર (એન. જે. પઢીયાર) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (ઉમેદસિંહ એમ. સોલંકી) સુપ્રિન્ટેન્ડેન્ટ — કોર્ટની સિક્કો — હુકમથી રજીસ્ટ્રાર(એ. એ. રાવલ) પ્રિન્સી સીનીયર સીવીલ કોર્ટ કલોલ

કાટમાળની જાહેર હરાજી

આથી ઉપેરા પ્રા. કુમાર શાળા તાલુકા ઊંઝા, જી. મહેસાણામાં આવેલ ૧૧ રૂમો પતરાવાળા અને ૧ રૂમ ધાબાવાળા રૂમોના કાટમાળ જેવાકે બારી, બારણા, લાકડાની ચેનલ તથા પતરા સહિતનો કાટમાળ લઈ જઈ જમીન સમતલ કરી આપવા માટેની જાહેર હરાજી તા. ૮/૪/૨૦૨૧ને ગુરૂવારના રોજ ૧૧:૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. હરાજીમાં ભાગ લેનારે રૂપિયા ૧૦,૦૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. હરાજીની અન્ય શરતો અને બોલીઓ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારે પોતાનો ફોટો આઈ-ડી (આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ) અને તેની નકલ સાથે લાવવી. હરાજીની શરતોમાં ફેરફાર કરવાની આખરી સત્તા એસ.એમ.સી. ઉપેરા પ્રા. કુમાર શાળાની રહેશે.

સ્થળ : ઉપેરા પ્રા. કુમાર શાળા તા. ઊંઝા, જી, મહેસાણા

અધ્યક્ષશ્રી / સભ્ય સચિવશ્રી શાળા વ્યવસ્થાપન સમિતિ, ઉપેરા પ્રા. કુમાર શાળા તા. ઊંઝા, જી. મહેસાણા. મો. ૯૦૯૯૦૦૬૩૩૨

કાટમાળની જાહેર હરાજી

આથી જેતલવાસણા પ્રા.શાળા, તા.વિસનગર, જિ.મહેસાણામાં આવેલ ધાબાવાળા ૮ (આઠ) અને પતરાવાળા ૭ (સાત) ઊભા રૂમોના કાટમાળ જેવા કે બારી-બારણા, ઇંટો, રોડા, લોખંડ, લાકડા સહિતનો કાટમાળ લઈ જઈ જમીન સમતલ કરી આપવા માટેની જાહેર હરાજી તારીખ ૦૬/૦૪/૨૦૨૧ને મંગળવારના રોજ ૧૨-૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. હરાજીમાં ભાગ લેનારે રૂ. ૧૦,૦૦૦/- ડિપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. હરાજીની અન્ય શરતો અને બોલીઓ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારે પોતાનો ફોટો આઈ.ડી. (આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ) અને તેની નકલ સાથે લાવવી. હરાજીની શરતોમાં ફેરફાર કરવાની આખરી સત્તા એસ.એમ.સી. જેતલવાસણાની રહેશે. કોવિ-૧૯ની શરોતનું યોગ્ય પાલન કરવાનું રહેશે.

સ્થળ : જેતલવાસણા પ્રા. શાળા, તા.વિસનગર, જિ.મહેસાણા

પટેલ પ્રકાશ જે. (અધ્યક્ષ) રા.શં.પટેલ (સભ્ય સચિવ)

એસ.એમ.સી. જેતલવાસણા પ્રા.આદર્શ શાળા તા. વિસનગર, જિ.મહેસાણા, મો. ૯૯૦૯૫ ૮૭૭૮૯

FORM A
PUBLIC ANNOUNCEMENT

(Under Regulation 6 of the Insolvency and Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016)

FOR THE ATTENTION OF THE CREDITORS OF LANCER LASER TECH LIMITED

RELEVANT PARTICULAR		
1.	Name of corporate debtor	Lancer Laser Tech Limited
2.	Date of incorporation of corporate debtor	20/08/1999
3.	Authority under which corporate debtor is incorporated / registered	RoC - Ahmedabad, Gujarat
4.	Corporate Identity No. / Limited Liability Identification No. of corporate debtor	U28930GJ1999PLC036446
5.	Address of the registered office and principal office (if any) of corporate debtor	**Registered Office at:** Survey No. 1434 P/2, Chhatral-Mehsana National Highway, Opp. Sandek Laminations, Vill: Rajpur, Tal - Kadi, Gujarat-382740
6.	Insolvency commencement date in respect of corporate debtor	17.03.2021 (order received on 25.03.2021)
7.	Estimated date of closure of insolvency resolution process	13.09.2021
8.	Name and registration number of the insolvency professional acting as interim resolution professional	Mr. Sushil Tewary Reg. No.: IBBI/IPA-001/IP-P01288/2018-19/12049
9.	Address and e-mail of the interim resolution professional, as registered with the Board	Address: 11 Pahelgaon Bunglows, Premchandnagar Road, Bodakdev, Ahmadabad, Gujarat - 380054 Email ID: sushilt@hotmail.com
10.	Address and e-mail to be used for correspondence with the interim resolution professional	Address: 403, 4th Floor, Shaival Plaza, Gujarat College Road, Ellisbridge, Ahmedabad - 380 006. Email ID: iplancerlaser@gmail.com
11.	Last date for submission of claims	08.04.2021
12.	Classes of creditors, if any, under clause (b) of sub-section (6A) of section 21, ascertained by the interim resolution professional	Not Applicable
13.	Names of Insolvency Professionals identified to act as Authorised Representative of creditors in a class (Three names for each class)	Not Applicable
14.	(a) Relevant Forms and (b) Details of authorized representatives are available at:	Web link:https://www.ibbi.gov.in/home/downloads Physical Address: 403, 4th Floor, Shaival Plaza, Gujarat College Road, Ellisbridge, Ahmedabad - 380 006.

Notice is hereby given that the National Company Law Tribunal has ordered the commencement of a corporate insolvency resolution process of the Lancer Laser Tech Limited on 17.03.2021 (order received on 25.03.2021).

The creditors of Lancer Laser Tech Limited, are hereby called upon to submit their claims with proof on or before 08.04.2021 to the interim resolution professional at the address mentioned against entry No. 10.

The financial creditors shall submit their claims with proof by electronic means only. All other creditors may submit the claims with proof in person, by post or by electronic means.

Submission of false or misleading proofs of claim shall attract penalties.

Date: 25.03.2021
Place: Ahmedabad

(Sushil Tewary)
Interim Resolution Professional
Lancer Laser Tech Limited
Reg. No.: IBBI/IPA-001/IP-P01288/2018-19/12049

ઐઠોર પાસેથી મારુતિવાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ઊંઝા । ઐઠોર રોડ પર પસાર થઈ રહેલ મારૂતિ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરી લઈ જવામાં આવી રહ્યો છે જેથી પોલીસે મારૂતિ